# કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, નવસારી

મેજીસ્ટ્રેટ શાખા, જિલ્લા સેવા સદન, ૧લો માળ, કાલીયાવાડી, નવસારી

ફોન નં. : ૦૨૬૩૭-૨૪૮૦૯૯, ઈમેઈલ - collector-nav@gujarat.gov.in /dy.chitnis.navsari@gmail.com

નં.ડીસીબી/એમએજી/Covid-19/CrPC-૧૪૪/જાહેરનામું/વશી. ૧૫૦ થી ૧૮૯ / ૨૦૨૨ તા.૧૧/૦૧/૨૦૨૨

" ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ હેઠળ જાહેરનામું "

વંચાણે લીધાં :-

(૧) ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ, ૨૦૨૦ - આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરનાં જાહેરનામા ક્રમાંક:જીપી-૯/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧-ગ, તા.૧૩.૦૩.૨૦૨૦ તથા તા.૨૩.૦૩.૨૦૨૧ના જાહેરનામા ક્રમાંક : GP/13/NCV/102020/SF-1/G.

(૨) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૭.૦૧.૨૦૨૨

(૩) અત્રેની કચેરીના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/Covid-19/CrPC-૧૪૪/જાહેરનામું/વશી. ૬૫ થી ૧૦૪/૨૦૨૨, તા.૦૭.૦૧.૨૦૨૨

(૪) ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૧૧.૦૧.૨૦૨૨

## -: સુધારા જાહેરનામું :-

નોવેલ કોરોના વાયરસ (COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. ભારતમાં તથા ગુજરાતમાં કોરોના વાયરસના કેસોની પરિસ્થિતીને ધ્યાને લેતાં, ધ એપિડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ વંચાણે લીધેલ આમુખ-(૧) મુજબ ધ ગુજરાત એપિડેમીક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન્સ, ૨૦૨૦ તા.૧૩.૦૩.૨૦૨૦ થી બહાર પાડવામાં આવેલ છે.

હાલે સમગ્ર દેશમાં COVID-19 ની અસરો ધ્યાને લેતાં, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમથી કોરોના સંક્રમણને રોકવા અદ્યતન સૂચનાઓ આપવામાં આવેલ છે. જેના અનુસંધાને COVID-19 ના સંક્રમણની બાબતને ધ્યાનમાં લેતાં ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૨) નાં હુકમથી રાજ્યમાં કેટલાંક નિયંત્રણો અમલમાં મૂકવામાં આવેલ. જે અન્વયે અત્રેની કચેરીનાં ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૩) થી અત્રેના જિલ્લા માટે જાહેરનામું પાડવામાં આવેલ. ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૪) થી વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા બાદ ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૨)નાં હુકમથી મૂકવામાં આવેલ નિયંત્રણોની અવધિ નીચે મુજબના ફેરફારો સાથે તા.૨૨.૦૧.૨૦૨૨ ના સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે તથા અન્ય નિયંત્રણો યથાવત રાખવામાં આવેલ છે.

વાસ્તે હું, કેતન પી. જોષી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નવસારી જિલ્લો ફરમાવું છું કે, નવસારી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં અત્રેની કચેરીનાં ઉક્ત વંચાણે લીધેલ ક્રમ નં.(૩) થી પ્રસિધ્ધ કરેલ જાહેરનામાનાં નિયંત્રણોની અવધિ નીચે મુજબના ફેરફારો સાથે તા.૨૨.૦૧.૨૦૨૨ ના સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવામાં આવે છે તેમજ અન્ય નિયંત્રણો યથાવત રહેશે તેમજ જાહેરનામાનો વિસ્તાર, શિક્ષા અને જાહેર વિજ્ઞપ્તિ યથાવત રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨ | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યક્તિઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |

આજરોજ તા.૧૧/૧૨/૨૦૨૧ના રોજ મારી સહી અને મુદ્રા કરી આપી.

ADDITIONAL DISTRICT MAGISTRATE NAVSARI અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી

( કેતન પી.જોષી )
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી, સરકારી પ્રેસ વડોદરા.

૨/- ઉકત જાહેરનામાની ૨(બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ૫ (પાંચ) નકલો અત્રેની રેકર્ડ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.

નકલ સવિનય રવાના :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, ગુજરાત સરકાર, જુના સચિવાલય, ગાંધીનગર.
(૪) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, નવસારી
(૫) ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નવસારી.

નકલ જયભારત સહ રવાના :-

(૧) જયુડીશિયલ મેજીસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારી.

૨/- આપની કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂ.

(૩) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નવસારી.
(૪) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નવસારી / ચીખલી / વાંસદા.
(૫) જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, નવસારી.
(૬) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નવસારી.
(૭) આયોજન સહ તાલુકા વિકાસ અધિકારીશ્રી, ચીખલી / વાંસદા.
(૮) મામલતદારશ્રી, નવસારી (શહેર / ગ્રામ્ય) / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા / ખેરગામ.
(૯) તાલુકા વિકાસ અધિકારીશ્રી, નવસારી / જલાલપોર / ગણદેવી / ખેરગામ.
(૧૦) સહાયક માહિતી નિયામકશ્રી, નવસારી.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચાર રૂપે બહોળી પ્રસિધ્ધિ અપાવવા સારૂ.

(૧૧) જિલ્લા સરકારી વકીલશ્રી, નવસારી
(૧૨) ચીફ ઓફિસરશ્રી, નવસારી-વિજલપોર / ગણદેવી / બીલીમોરા
(૧૩) નાયબ મામલતદારશ્રી, રેકર્ડ શાખા, નવસારી.

૨/- ઉકત જાહેરનામાની ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટ્રેટ દફતરે પહોંચતી કરવા સારૂ.

**ગુજરાત સરકાર**

ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨
ગૃહ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર
તા.૧૧.૦૧.૨૦૨૨

હુકમ :-

રાજયમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતીની સમીક્ષા કરી ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૨૦૨૨ =ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી રાજયના ૮ મહાનગરો અમદાવાદ શહેર, વડોદરા શહેર,સુરત શહેર,રાજકોટ શહેર, ભાવનગર શહેર, જામનગર શહેર, જુનાગઢ શહેર, ગાંધીનગર શહેર અને બે શહેરો આણંદ, નડીયાદમાં રાત્રિ કર્ફયુ તેમજ નિયંત્રણોતથા સમગ્ર રાજયમાં પણ કેટલાક નિયંત્રણો મુકવામાં આવેલ છે.

૨. રાજયની વર્તમાન પરિસ્થિતીની સમીક્ષા બાદ ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૨૦૨૨ના હુકમ ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨થી ઉપરોકત શહેરોમાં અમલમાં મુકવામાં આવેલ રાત્રિ કર્ફયુ તથા નિયંત્રણો તેમજ સમગ્ર રાજયમાં અમલી નિયંત્રણોની અવધિ નીચે મુજબના ફેરફારો સાથે તા.૨૨.૦૧.૨૦૨૨ના સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવાનો રાજય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.

૩. નીચે મુજબના ફેરફારો સાથેના નિયંત્રણો. તા.૧૨.૦૧.૨૦૨૨થી ઉપરોક્ત ૮ મહાનગરો તથા ૨ શહેરો સહિત સમગ્ર રાજયમાં અમલી બનશે.

| | | |
|---|---|---|
| ૧. | સમગ્ર રાજયમાં તમામ પ્રકારના રાજકીય, સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળો | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે. |
| ૨. | લગ્ન પ્રસંગ | ખુલ્લામાં મહત્તમ ૧૫૦ વ્યકિતઓ પરંતુ, બંધ સ્થળોએ, જગ્યાની ક્ષમતાના ૫૦% (મહત્તમ ૧૫૦ વ્યકિતઓની મર્યાદામાં) વ્યકિતઓ એકત્રિત થઇ શકશે.<br>લગ્ન પ્રસંગ માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણી કરાવવાની રહેશે. |

૪. ગૃહ વિભાગના તા.૦૭.૦૧.૨૦૨૨ના હુકમની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિખિલ ભટ્ટ)
અધિક સચિવ(કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- રજિસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવાલયના સર્વે વિભાગો.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, પોલીસ ભવન, ગાંધીનગર.

- ગૃહ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ રેન્જના વડાશ્રીઓ
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ
- માહિતી નિયામકશ્રી – ગુજરાત રાજય, બ્લોક નં.૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
  ૨/ – આ બાબતને બહોળી પ્રસિદ્ધિ મળે તે મુજબની જરૂરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, આઇ.ટી.સેલ,ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  આ હુકમને ગૃહ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરાવવા અંગે જરુરી કાર્યવાહી કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૧.

....